Extra No. 276

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **TUESDAY, JULY 29, 2025 / SRAVANA 7, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જુલાઈ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૯મી જુલાઈ, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક. કેવી-૨૦૨૫નો ૨૩૮/યુડીયુએચડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૫/૦૪૧૮/પી શાખા.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Gujarat Provincial Municipal Corporation Act, 1949

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી જુલાઈ, ૨૦૨૫

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક. કેવી-૨૦૨૫નો ૨૩૮/યુડીયુએચડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૫/૦૪૧૮/પી સેક્શન: ભારતના સંવિધાનની કલમ ૨૪૩-ન-ના ખંડ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ: ૧લી જાન્યુઆરી, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીવી-૨૦૨૫નો ૦૭-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૫૯૩૨/પી સેક્શન (જેનો આમાં હવે પછી સદરહુ જાહેરનામા-૧ તરીકે ઉલ્લેખ કર્યો છે તે)થી મોરબી નગરપાલિકા તેમજ સદરહુ જાહેરનામા-૧ની અનુસૂચિમાં નિર્દિષ્ટ લગોલગની ગ્રામ પંચાયતોને મોરબી શહેરના મોટા શહેરી વિસ્તાર તરીકે જાહેર કરેલ છે;

અને ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૫૯મા) (જેનો આમાં હવે પછી ''સદરહુ અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની પેટા-કલમ (૧) સાથે વાંચતાં, અનુચ્છેદ ૨૪૩-ન-થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ: ૧લી જાન્યુઆરી, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક. કેવી-૨૦૨૫નો ૦૮-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૫૯૩૨/પી શાખા (જેનો આમાં હવે પછી સદરહુ જાહેરનામા-૨ તરીકે ઉલ્લેખ કર્યો છે તે) હેઠળ ૧લી જાન્યુઆરી, ૨૦૨૫થી મોરબી શહેરના મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના કરેલ છે;

અને સદરહુ અધિનિયમની કલમ ૧ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ જાહેરનામા-૨ હેઠળ, સદરહુ અધિનિયમની બાકીની જોગવાઈઓ મોરબી શહેરમાં જે તારીખે અને જે તારીખથી અમલમાં આવશે તે તારીખ તરીકે ૧લી જાન્યુઆરી, ૨૦૨૫ નિર્દિષ્ટ કરી છે;

અને સદરહુ અધિનિયમની કલમ ૪૯૩ હેઠળ પરિશિષ્ટ ૪ના ભાગ ૪માંના પરિચ્છેદ ૨૨ અને ૨૨ખથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, સદરહુ જાહેરનામા-૨ હેઠળ, ૧લી જાન્યુઆરી, ૨૦૨૫થી શરૂ થતી એક વર્ષની મુદત માટે અથવા સદરહુ કોર્પોરેશનની પ્રથમ ચૂંટણીમાં કાઉન્સિલરો ચૂટવામાં આવે ત્યાં સુધી, બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી, સદરહુ કોર્પોરેશનના વહીવટદારની નિમણૂક કરવામાં આવેલ છે;

અને વસતી ગણતરી-૨૦૧૧ના આધારે જાહેર કર્યા પ્રમાણેના વસતીના આંકડા અનુસાર તેમજ સદરહુ અધિનિયમની કલમ ૫ની જોગવાઈઓને પણ ધ્યાનમાં રાખીને, વોર્ડ અને કાઉન્સિલરની બેઠકોની સંખ્યા અને અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખવાની બેઠકોની સંખ્યા સુનિશ્ચિત કરવી જરૂરી છે;

અને મોરબી શહેરના મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય ચૂંટણી યોજાવાની છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૫ ની પેટા-કલમો (૪), (૫), (૬) અને (૭) સાથે વાંચતા, કલમ ૫ ની પેટા-કલમ (૩)ના ખંડ (૩)ના પેટા-ખંડ (ક)થી મળેલી સત્તાની રૂએ, મોરબી શહેરને લાગેવળગે છે ત્યાં સુધી, ગુજરાત સરકાર, આથી, વોર્ડ અને બેઠકોની સંખ્યા નીચે પ્રમાણે નક્કી કરે છે:-

(૧) મોરબી શહેરના વિસ્તારો, તેર (૧૩) વોર્ડોમાં વિભાજિત થશે અને મોરબી શહેરનું મ્યુનિસિપલ કોર્પોરેશન, બાવન (૫૨) કાઉન્સિલરનું બનશે;

(૨) (કાઉન્સિલરની) બાવન (૫૨) બેઠકોમાંથી,-

(૧) ચાર (૪) બેઠકો, અનુસૂચિત જાતિઓની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી બે (૨) બેઠકો અનુસૂચિત જાતિઓની સ્ત્રીઓ માટે અનામત રહેશે;

(૨) ચૌદ (૧૪) બેઠકો, પછાત વર્ગોની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી સાત (૭) બેઠકો પછાત વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રહેશે;

(૩) છવ્વીસ (૨૬) બેઠકો, (ઉપર ઉલ્લેખ્યા પ્રમાણે અનુસૂચિત જાતિઓ અને પછાત વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત બેઠકોની સંખ્યા સહિત) સ્ત્રીઓ માટે અનામત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કોમલ ભટ્ટ,

સરકારના સંયુક્ત સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.08.01 10:03:09 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar